# રાજ્યમાં કોરોનાના નવા ૩૬૧ કેસ

## અમદાવાદમાં નવા ૨૫૧ કેસોથી હાહાકાર : ૨૪ કલાકમાં ૨૭ લોકોના મૃત્યુ થયા : અત્યાર સુધીના કુલ ૧૪૮૨૯ પોઝીટીવ કેસો : મૃત્યુઆંક વધીને ૯૧૫

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાં કોરોના વિસ્ફોટ જારી રહ્યો છે. આજે વધુ ૩૬૧ કેસ સપાટી પર આવ્યા હતા. આની સાથે જ કેસોની સંખ્યા વધીને ૧૪૮૨૯ સુધી પહોંચી હતી. આજે વધુ ૨૭ લોકોના મોત સાથે ગુજરાતમાં મોતનો આંકડો વધીને ૯૧૫ પર પહોંચ્યો હતો. આજે અમદાવાદમાં ૨૩ લોકોના મોત થયા હતા. અમદાવાદમાં સ્થિતિ સૌથી ચિંતાજનક રીતે બનેલી છે કારણ કે કેસોમાં જોરદાર વિસ્ફોટ થઈ રહ્યો છે. ગુજરાતના સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તારમાં અમદાવાદ છે. ગુજરાતમાં જે કેસો વધ્યા છે તે પૈકી મોટાભાગે અમદાવાદમાં વધી રહ્યા છે. અન્યત્ર સ્થિતિ કાબૂમાં આવી રહી છે પરંતુ અમદાવાદના લીધે આંકડો ઉલ્લેખનીય રીતે વધ્યો છે.આજે પણ કોરોના પ્રભાવિત વિસ્તારોમાં સઘન તપાસની કામગીરી યથાવત રીતે જારી રહી હતી. જેના ભાગરૂપે અમદાવાદમાં વધુ ૨૫૧ કેસો સપાટી પર આવ્યા હતા.

હોટસ્પોટ બનેલા અને ખતરનાકરીતે કોરોનાના કેસો જ્યાં વધી રહ્યા છે. અમદાવાદમાં આજે જે ૨૫૧ પોઝિટિવ કેસ આવ્યા હતા. અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઈ રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. અમદાવાદ હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે.

ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજ્યમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે. ગુજરાતમાં કોરોનાના દર્દીઓની વાત કરવામાં આવે તો સંખ્યા અમદાવાદમાં સૌથી વધારે વધી રહી છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૫૬૩૨૮૭૩ | ૩૪૯૦૫૨ | ૨૩૯૨૩૧૨ |
| ભારત | ૧૫૦૩૧૩ | ૪૩૩૪ | ૬૩૫૩૬ |
| ગુજરાત | ૧૪૮૨૯ | ૯૧૫ | ૯૩૪૨ |
| ગાંધીનગર | ૨૩૨ | ૧૩ | ૧૨૫ |

## ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૦૮૪૧ | ૭૪૫ | ૪૬૨૩ |
| સુરત | ૧૩૮૭ | ૬૩ | ૯૫૬ |
| વડોદરા | ૮૮૫ | ૩૫ | ૫૧૯ |
| ગાંધીનગર | ૨૩૨ | ૧૩ | ૧૨૫ |
| ભાવનગર | ૧૧૯ | ૦૮ | ૯૧ |
| બનાસકાંઠા | ૧૦૨ | ૦૪ | ૭૮ |
| આણંદ | ૯૩ | ૧૦ | ૭૭ |
| રાજકોટ | ૯૪ | ૦૨ | ૬૭ |
| અરવલ્લી | ૧૦૧ | ૦૩ | ૭૭ |
| મહેસાણા | ૧૦૩ | ૦૪ | ૫૮ |
| પંચમહાલ | ૭૮ | ૦૭ | ૬૭ |
| બોટાદ | ૫૭ | ૦૧ | ૫૪ |
| મહીસાગર | ૯૧ | ૦૧ | ૪૧ |
| ખેડા | ૬૩ | ૦૪ | ૪૧ |
| પાટણ | ૭૩ | ૦૫ | ૪૩ |
| જામનગર | ૫૨ | ૦૨ | ૩૧ |
| ભરૂચ | ૩૭ | ૦૩ | ૨૯ |
| સાબરકાંઠા | ૯૭ | ૦૩ | ૨૯ |
| ગીર-સોમનાથ | ૪૪ | ૦૦ | ૨૨ |
| દાહોદ | ૩૬ | ૦૦ | ૧૮ |
| છોટાઉદેપુર | ૨૨ | ૦૦ | ૨૧ |
| કચ્છ | ૬૬ | ૦૧ | ૧૨ |
| નર્મદા | ૧૮ | ૦૦ | ૧૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૨૩ | ૦૧ | ૦૫ |
| નવસારી | ૧૮ | ૦૦ | ૦૮ |
| જૂનાગઢ | ૨૭ | ૦૦ | ૦૮ |
| પોરબંદર | ૦૭ | ૦૦ | ૦૪ |
| સુરેન્દ્રનગર | ૨૫ | ૦૦ | ૦૫ |
| મોરબી | ૦૩ | ૦૦ | ૦૨ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૦૭ | ૦૦ | ૦૦ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૪૮૨૯** | **૯૧૫** | **૭૧૩૭** |

## હાઈકોર્ટ દ્વારા નિમાયેલ ૩ પ્રતિષ્ઠિત ડૉક્ટરની સમિતિની કામગીરીની સકારાત્મક નોંધ લેવાઈ : પ્રદિપસિંહ

ગાંધીનગર, તા.૨૬

કાયદા રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, ગુજરાત હાઈકોર્ટ દ્વારા અમદાવાદની સિવિલ કોવિડ-૧૯ હોસ્પિટલ માટે કરવામાં આવેલા અવલોકનો-રાજય સરકારને અપાયેલી સૂચનાઓ સંદર્ભમાં રાજય સરકારે રજૂ કરેલા અહેવાલની હાઈકોર્ટે સકારાત્મક નોંધ લીધી છે.

શ્રી પ્રદિપસિંહજી જાડેજાએ આ અંગેની વિસ્તૃત વિગતો આપતા કહ્યું કે નામદાર હાઈકોર્ટ દ્વારા ૨૨મી મેના રોજ સીવીલ હોસ્પિટલ અમદાવાદમાં કોવીડની સારવાર બાબતે એક હુકમ કરવામાં આવેલ હતો.

આ હુકમ સીવીલ હોસ્પિટલ, અમદાવાદના એક રેસીડેન્ટ ડૉક્ટરની નનામી અરજી અને કોઈ મેડીકલ ઓફીસરના પત્રના આધારે કરવામાં આવ્યો હતો.

આ પત્ર સોશીયલ મીડીયામાં મે મહીનાના પહેલા અઠવાડીયાથી જ ફરતો હતો. નનામી અરજીમાં રજૂ કરેલા મૂદાઓ કોવિડ સિવિલ હોસ્પિટલની સાચી વિગતો રજૂ કરતા નહોતા. જેથી રાજ્ય સરકારે નામ.હાઈકોર્ટને વિનંતી કરી હતી કે, વ્યાપક જનહિતમાં તાત્કાલીક આ અરજી અંગે સુનવણી કરવામાં આવે. જેથી, રાજ્ય સરકારે લીધેલા પગલાં અને સારવારની વિગતો ઝડપથી જાહેર જનતા સમક્ષ રજુ કરી શકાય અને લોકો સમક્ષ સાચી હકિકત મુકી શકાય.

કાયદા રાજયમંત્રીએ જણાવ્યું કે રાજય સરકાર દ્વારા રજૂ થયેલ દલીલો અને પૂરાવાઓને ધ્યાને લેતા નામદાર હાઈકોર્ટ દ્વારા રાજય સરકારે કોવિડ સિવીલ હોસ્પિટલમાં ઉત્તરોત્તર સુધારા માટે કરેલી કામગીરીની સકારાત્મક નોંધ લેતો એક હુકમ કરવામાં આવ્યો છે.

નામદાર હાઈકોર્ટે એવો પણ નિર્દેશ આપ્યો છે કે રેસિડેન્ટ ડોકટર કે અન્ય સ્ટાફની કોઈપણ મુશ્કેલીઓને નિવારવા માટે એક સ્વતંત્ર સમિતીની રચના કરવામાં આવે.

રાજય સરકારે આ માટે રાજયના ખ્યાતનામ ડોકટરો સર્વશ્રી ડો. પંકજ શાહ, ડો. તેજસ પટેલ, ડો. અતુલ પટેલ અને ડો. હરિશ દોષીની સમિતીની તાત્કાલિક રચના કરી છે.

વધુમાં રાજ્ય સરકાર દ્વારા કોવિડ સિવીલ હોસ્પિટલની આકસ્મિક જાત મૂલાકાત લઈ ત્યાં ઉપલબ્ધ સગવડતાઓ અને દર્દીઓને અપાતી સુવિધાઓના નિરીક્ષણ માટે નામદાર હાઈકોર્ટને કરેલી વિનંતીને ગ્રાહય રાખી છે.

ઈન્સ્ટીટયુશનલ પ્રોટોકોલ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે છે અને એક્ષપર્ટ કમિટીના સુચનોનું પણ નિયમીત રીતે અમલ કરવામાં આવે છે.

## ભારતમાં કોરોનાના સૌથી ઓછા મોત : આરોગ્ય મંત્રાલય

**રસી પર ટ્રાયલ જારી છે : વિશ્વભરમાં પ્રતિ લાખ વસ્તીમાં ૪.૪ મૃત્યુ થઈ છે, જ્યારે ભારતમાં પ્રતિ લાખ વસ્તીમાં ૦.૩ મૃત્યુ થઈ છે : આરોગ્ય મંત્રાલય**

નવી દિલ્હી, તા. ૧૧

ભારતમાં કોરોના વાયરસનો ચેપ રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે. પહેલી મેથી કોરોના કેસોમાં ચાર ગણો વધારો જોવા મળ્યો છે. આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લુવ અગ્રવાલે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ૬૦,૪૯૦ કોરોના દર્દીઓ સાજા થયા છે. તેમણે કહ્યું કે ભારતમાં કોરોનાથી થતા મૃત્યુની સંખ્યા પણ આખા વિશ્વમાં સૌથી ઓછી છે. તેમણે કહ્યું હતું કે વિશ્વમાં પ્રતિ લાખ વસ્તીમાં ૪.૪ મૃત્યુ થયા છે, જ્યારે ભારતમાં પ્રતિ લાખ વસ્તીમાં ૦.૩ મૃત્યુ થયા છે. જે વિશ્વમાં સૌથી નીચું છે. અમે સમયસર ઘણા બધા લોકોનો જીવ બચાવી શક્યા, કારણ કે આપણે સમયસર રોગચાળો ઓળખી કાઢ્યો છે અને લોકડાઉન કરવાનું નક્કી કર્યું છે. ત્યારબાદ, દેશમાં પણ કોરોના વાયરસની રોકથામ માટે સારી વ્યવસ્થા કરવામાં આવી હતી. આજે પત્રકાર પરિષદમાં ભારતીય તબીબી સંશોધન પરિષદના ડાયરેક્ટર જનરલ પણ હાજર હતા. તેમણે કહ્યું કે છેલ્લા એક મહિનામાં દેશભરમાં ૬૦૦ વિવિધ લેબ્સ બનાવવામાં આવી રહી છે. દેશમાં હવે કોરોના કેસ એક લાખને વટાવી ગયો છે, તે ખરેખર ચિંતાનો વિષય છે. એક સવાલના જવાબમાં તેમણે કહ્યું કે ભારતમાં હાઈડ્રોક્સિ ક્લોરોક્વિન પણ ચલાવવામાં આવી રહી છે. જ્યાં સુધી અમારી પાસે સંપૂર્ણ દવા અથવા રસી ન હોય ત્યાં સુધી આપણે તેનો ઉપયોગ કટોકટીના કિસ્સામાં કરી શકીએ છીએ. તેમણે કહ્યું કે, જે લોકો આ દવા ખાલી પેટ પર લે છે તેમને પેટને લગતી સમસ્યા હોય છે, તેથી તેઓએ કંઈક ખાધા પછી જ આ દવા લેવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે ભારત અનેક વધુ મહત્વપૂર્ણ રસીઓ પર પણ રિચાર્જ કરી રહ્યું છે. ટૂંક સમયમાં જ આપણે સંપૂર્ણ સમયનો રસ્તો શોધીશું. ડો.ભાર્ગવે કહ્યું કે અમે લોકોની સાથે તપાસ પહેલા કરતા વધારે છે. છેલ્લા એક મહિનાથી દરરોજ એક લાખથી વધુ લોકો તપાસ કરી રહ્યા છે.

## સાત માસના બાળકને કોરોનામુક્ત કરતી ભાવનગરની તબીબી ટીમ

**અગાઉ ૯૨, ૯૦ વર્ષના દર્દીને કોરોનામુક્ત થયા હતા : ભાવનગરમાં આજે કોરોનાગ્રસ્ત બે દર્દીઓનો સઘન સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા અપાઈ :તબીબની સઘન કામગીરી**

ગાંધીનગર, તા. ૨૬

ભાવનગરમાં આજે કોરોનાગ્રસ્ત ૨ દર્દીઓનો સઘન સારવારના અંતે હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી. ત્યારે ફરી એક વાર ભાવનગરના તબીબોએ સાબિત કરી આપ્યુ હતુ કે સરકારની સ્વાસ્થ્ય સેવાઓ કોરોના સામે લડવા કેટલી સક્ષમ તેમજ કારગર છે. ૯૨ વર્ષ, ૯૦ વર્ષ તેમજ ૧૮ માસના દર્દીને કોરોના મુક્ત કર્યા બાદ માત્ર ૭ માસના બાળકને પણ આજે કોરોનામુક્ત કરવામા ભાવનગરની તબીબી ટીમને સફળતા મળી છે. અગાઉ ૯૨ વર્ષીય કોરોનાગ્રસ્ત દર્દીને સઘન સારવારના અંતે કોરોનામુક્ત કરવામા સફળ રહેલી મેડિકલ ટીમે આજે ૧૮ માસના બાળકને પણ કોરોનાના રોગમાથી મુક્ત કરી એક નવો કિર્તીમાન સર્જ્યો છે. મુળ ફરીયાદકાના વતની એવા માનવ સાગરભાઈ ધામેચા નામના ૭ માસના બાળકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને ગત તા.૧૬ મે ના રોજ ભાવનગરની સર તખ્તસિંહજી જનરલ હોસ્પિટલ ખાતે વધુ સારવાર માટે દાખલ કરવામાં આવેલ.

## મીડિયા પર આક્ષેપ કરતી ટ્વિટ ડિલીટ કરવી પડી

ભાજપના આઈટી સેલને મીડિયાને બદનામ કરવાનું તેમજ વિજય નેહરાની બદલી અંગેના મેસેજ ફેલાવવાનું ભારે પડી ગયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વિજય રૂપાણી અને પ્રદેશ પક્ષ પ્રમુખ જીતી વાઘાણીએ આ મામલે ઋત્વિજ પટેલ સહિતના પક્ષના યુવા નેતાઓને ઠપકો આપ્યો છે. જેના પગલે મીડિયાની ટીકા કરતા ટ્વિટ ડિલિટ કરવાની ઋત્વિજ પટેલને નોબત આવી છે. જો કે, આમ કરવામાં તે પોતે જ ટ્રોલ થઈ ગયા છે. ભાજપના આઈટી સેલ દ્વારા #StopTargetingGujarat હેશટેગ સાથે અનેક ટ્વિટ કરવામાં આવી હતી. જેમાં વિજય નેહરાની બદલીથી લઈને કોરોનાને કાબૂમાં કરવા સરકાર દ્વારા ઉઠાવાયેલા પગલાંની ટીકા લોકોને ટાર્ગેટ કરવામાં આવ્યા હતાં.

## પ્રાંતિજ, મૌછા, અમલાની ખાતે જિલ્લા સમાહર્તા સી.જે. પટેલે ગામની મુલાકાત લીધી

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠાજિલ્લાના જિલ્લા સમાહર્તા સી.જે. પટેલ દ્વારા પ્રાંતિજ સહિત મૌછા, અમલાની મુવાડી ગામની મુલાકાત લીધી હતી. ગામના લોકોને ઘરોમા રહેવા અપીલ કરવામાં આવી હતી, જિલ્લા સમાહર્તા દ્વારા લોકોને ઉકાળો પીવા આગ્રહ કરવામાં આવ્યો.

હાલ કોરોનાની મહામારીને લઈને દેશ સહિત વિદેશોમાં હાહાકાર મચી જવા પામ્યો છે ત્યારે ગુજરાત સહિત સાબરકાંઠામાં પણ કોરોનાનુ ગ્રહણ લાગ્યું છે. જિલ્લામા અત્યાર સુધીમાં કુલ-૯૦ કેસો નોંધાયા છે. પ્રાંતિજ સહિત તાલુકામાં પણ અત્યાર સુધીમાં કોરોનાના ૨૪ કેસો નોધાયા છે, જેમાં અત્યાર સુધી કોરોનાના ૨૦ જેટલા પોઝિટિવ દર્દીઓ નેગેટિવ રીપોર્ટ આવી સાજા પણ થઈ ગયાં છે. કોરોનાને લઈને જિલ્લામાં ત્રણ મોત પણ નિપજયા છે, સાબરકાંઠા જિલ્લા કોરોનાનુ પ્રભુત્વ પ્રાંતિજ તાલુકામાં મુખ્યત્વે જોવા મળ્યુ છે જેમાં મૌછા, અમલાની મુવાડી સહિત પ્રાંતિજ તપોધન ફડી ખાતે આવેલ પોઝિટિવ રીપોર્ટ મળી આવ્યો છે.



## મોડાસા શહેરમાં લોકલ ટ્રાન્સમિશનનો ખતરો..?

કોરોનાનો કહેર મોડાસા શહેરમાં ધીરે ધીરે વધી રહ્યો છે, મોડાસા શહેરમાં અત્યાર સુધી ૩૧ લોકો કોરોનાની ઝપેટમાં આવી ચુક્યા છે જેમાં બે લોકોનું કોરોનાથી મોત નીપજ્યું છે. મોડાસા શહેરમાં છેલ્લા ૯૬ કલાકમાં લઘુમતી વિસ્તારના કોરોના પોઝેટીવ ૪ લોકોની ટ્રાવેલિંગ હિસ્ટ્રી ન હોવાથી કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરો વધી રહ્યો છે. લોકડાઉન-૪ માં છૂટછાટ મળતા આગામી સમયમાં મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાના પ્રજાજનોના માથે લોકલ સંક્રમિત થવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. આરોગ્ય તંત્રે કોરોના પ્રસરતો અટકે તે માટે ૪ દર્દીઓની કોન્ટેક્ટ હિસ્ટ્રી શોધી તાત્કાલિક કોરન્ટાઇન કરવામાં આવે તે ખુબ જરૂરી છે. અરવલ્લી જીલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૧૧૦ પહોંચ્યો છે.

મોડાસા શહેરના ઘાંચી આરોગ્ય મંડળ વિસ્તારથી મોચી વાડા વિસ્તારમાંથી છેલ્લા ૯૬ કલાકમાં મોડાસાના મેઘરજ રોડ પર આવેલ ઈલોરા મેડીકલમાં સ્ટોરમાં નોકરી કરતા યુવક તથા અન્ય એક ૫૮ વર્ષીય મહિલા સપડાયા બાદ સોમવારે ઘાંચી આરોગ્ય મંડળ હોસ્પિટલ નજીક રહેતા વૃદ્ધ પતિ-પત્ની કોરોનાગ્રસ્ત બનતા સમગ્ર વિસ્તારમાં કોરોનાનો ખોફ છવાયો છે. ગણતરીના કલાકોમાં લઘુમતી સમાજના ૪ લોકો કોરોનામાં સપડાતા વધુ એકવાર સમગ્ર વિસ્તારમાં લોકલ સંક્રમણનો ભય પેદા થયો છે. આરોગ્યતંત્રએ સમગ્ર વિસ્તારમાં સઘન સર્વે કરી કોરોના સંક્રમિત દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોનું થર્મલ સ્ક્રીનિંગ કરી કોરન્ટાઇન કરવામાં નહિ આવે તો આગામી સમયમાં કોરોના બ્લાસ્ટ થાય તો નવાઈ નહિ..? જીલ્લા આરોગ્ય તંત્ર માટે લોકલ સંક્રમણની ચેન શોધી તોડાવી લોઢાના ચણા ચાવવા જેટલી સાબિત થશે. હાલ તો મુસ્લિમ સમાજના લોકોમાં આરોગ્યતંત્ર નક્કર કાર્યવાહી કરી કોરોના પ્રસરતો અટકાવે તેવી આશા સેવી રહ્યા છે. મોડાસા શહેરમાં ઘાંચીવાડા, મોચીવાડા અને કસ્બા અને ભાગોળ વિસ્તાર ઘીચ વસ્તી ધરાવતો વિસ્તાર હોવાથી સ્થાનિક સંક્રમણનો ખતરો વધ્યો છે. મોડાસા શહેરમાં મોટા ભાગના કોરોના પોઝેટીવ કેસ લઘુમતી સમાજના અને લોકલ ટ્રાન્સમિશનના લીધે સંક્રમિત હોવાનું બહાર આવ્યું હતું ત્યારે શહેરના ઘીચ વિસ્તાર એવા ભાગોળ અને તેના આજુબાજુના વિસ્તારમાંથી ૯૬ કલાકમાં ૪ લોકોને કોરોના પોઝેટીવ આવતા સમગ્ર વિસ્તાર સહીત લઘુમતી સમાજના લોકોમાં ફફડાટ ફેલાયો છે.

### ગ્રામ્ય વિસ્તારમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે આ વૃદ્ધ અન્ય બિમારી પણ ધરાવતા હતા અને તેથી તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનો રિપોર્ટ આજે પોઝીટીવ આવેલ છે.

તંત્રએ આ વૃદ્ધના પરિવારના પાંચ લોકોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ક્વોરોન્ટાઈન કર્યા છે.

૭૫ વર્ષીય વૃદ્ધ સાથે આજે અન્ય બે દર્દીઓ પણ ૬૨ થી વધુની આયુ ધરાવે છે. જિલ્લાતંત્ર દ્વારા સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યુ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજે વધુ ૪ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ હોસ્પિટલમાંથી કરવામાં આવેલ છે. જિલ્લામાં હાલ ૩૪૧૦ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૩૨૯૯ લોકો હોમ ક્વોરોન્ટાઈન, ૫૩ લોકો સરકારી ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં તો ૫૯ લોકો પ્રાઈવેટ ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૪૭૦ વ્યક્તીઓના નમૂના લઈ તપાસવામાં આવ્યા છે.

### સૈન્ય વધારશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) પૂર્વ લદ્દાખમાં ઘણી વાર મળી છે. જોકે સોમવાર સુધી કોઈ સફળતા મળી નથી. આ પહેલા રવિવારે પણ એક બેઠક મળી હતી, પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ ઘણા મુદ્દાઓ પર સહમતી થઈ શકી નથી. પ્રાદેશિક કમાન્ડરોના સ્તરે આગળ બેઠકો થઈ શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે બંને પક્ષોએ અત્યાર સુધીમાં પાંચ રાઉન્ડની વાતચીત કરી છે. ભારતીય સેનાના એક ઉચ્ચ અધિકારીએ કહ્યું, ‘કોઈ સફળતા મળી નથી. સ્થિતિ યથાવત્ છે. તેમણે કહ્યું કે આ મુદ્દો ઉકેલી લેવામાં આવશે, પરંતુ ભારતીય સેના એલએસી સાથે તેનું નિર્માણ કાર્ય ચાલુ રાખશે. સુત્રોએ જણાવ્યું હતું કે, બંને બાજુ સૈન્ય તુકડીઓ તૈનાત છે અને બંને સૈન્ય ૫ મેથી ઓછામાં ઓછી ત્રણ જગ્યાએ એકબીજાની નજર રાખી રહ્યા છે. પૂર્વી લદ્દાખમાં પેનગોંગ ત્સો સેક્ટર અને ગેલવાન વેલી પર ભારતીય સેનાએ જાગરૂકતા વધારી દીધી છે જ્યાં ચીને તેની જમાવટ વધારી દીધી છે. આ સિવાય ચીન સાથેની પશ્ચિમ સરહદના ટ્રેગ હાઈટ્સ, ડેમચોક અને ચૂમર વિસ્તારોમાં પણ ભારતીય સેના ભારે ઉત્સાહ બતાવી રહી છે. હકીકતમાં, ૫ મેના રોજ લદાખમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે બોલાચાલી થઈ હતી અને ૬ મેની સવારે બંને પક્ષો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેમાં બંને પક્ષના ઘણા સૈનિકો ઘાયલ થયા હતા. ત્યારબાદથી ચીને અથડામણની જગ્યા નજીક તેના સૈન્યની સંખ્યામાં વધારો કરવાનું શરૂ કર્યું છે. એટલું જ નહીં, ચીને પેનગોંગ તળાવમાં પેટ્રોલ પણ વધાર્યો હતો અને બોટોમાં પણ વધારો કર્યો હતો. નવીનતમ તણાવ ત્યારે શરૂ થયો જ્યારે ભારતીય સરહદ પર ચાલી રહેલા નિર્માણ કાર્ય અંગે ચીને વાંધો ઉઠાવ્યો હતો. ભારતીય સેનાએ કહ્યું હતું કે પેનગોંગમાં હવે વિરોધાભાસી જેવી સ્થિતિ નથી અને ઘણા સૈનિકો નથી. શુક્રવારે, ભારતીય સેનાના વડા, જનરલ નરવાને, લેહમાં ૧૪ કોર્પ્સના મુખ્ય મથકની મુલાકાત લીધી હતી અને એલએસી પર સુરક્ષા દળોની તહેનાતની સમીક્ષા કરી હતી. નોર્ધન કમાન્ડના ચીફ લેફ્ટનન્ટ જનરલ જોશી, ૧૪ કોર્પ્સ કમાન્ડર લેફ્ટ જનરલ, અન્ય અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

### દોઢ લાખને પાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જાહેર કરાયેલી વિગતો પ્રમાણે, દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૬૪૧૪ સંક્રમિત વધ્યા હતા, ૩૦૧૨ લોકો સાજા પણ થયા હતા.જ્યારે ૧૪૮ લોકોના મોત થયા હતા. હોસ્પિટલમાં ૮૦ હજારથી વધારે લોકોની સારવાર ચાલી રહી છે. જેમાં સોમવારે ૩૨૫૪ દર્દીઓનો વધારો થયો હતો.

દેશમાં દર્દીઓનો આંકડો ૧ લાખ ૪૫ હજારને પાર કરી ગયો છે.સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી મંગળવાર સવારે જાહેર કરાયેલા અપડેટ પ્રમાણે, અત્યારે દેશમાં કુલ દર્દીઓનો આંકડો ૧.૪૫,૩૮૦ છે, જેમાંથી ૪ હજાર ૧૬૭ લોકોના મોત થયા છે. જેથી ૬૦ હજારથી વધારે લોકો સાજા થયા છે. દેશમાં વધતી કોરોનાની ગતિને કારણે ૨૪ કલાકમાં કોરોનાના ૬ હજાર ૫૩૫ નવા કેસ સામે આવ્યા છે અને ૧૪૬ લોકોના મોત થયા છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૫૨૬૬૭ કેસ નોંધાયા છે જ્યારે ૧૬૯૫ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૭૦૮૨ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૧૮ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ ગુજરાતમાં ૧૪૪૬૦ લોકો સંક્રમણમાં આવ્યા છે જેમાંથી ૮૮૮ લોકોના મોત થયા છે. દિલ્હીમાં ૧૪૦૫૩, રાજસ્થાનમાં ૭૩૦૦, મધ્યપ્રદેશમાં ૬૮૫૯ અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૬૫૩૨ કેસ સામે આવ્યા છે.

દિલ્હી સરકારે યાત્રીઓ માટે ગાઈડલાઈન બહાર પાડી છે. અહીંયા આવનારા યાત્રિઓએ પોતાના ફોનમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરીને રાખવી પડશે. સંક્રમણના લક્ષણ નહીં હોય તો તમામ યાત્રિઓને ૧૪ દિવસ માટે પોતે જ તેમના સ્વાસ્થ્ય પર નજર રાખવી પડશે.

એરપોર્ટ ઓથોરિટી અને નોન- શિડ્યુલ્ડ પ્રાઈવેટ ઓપરેટર્સને પણ વિમાન સેવા શરૂ કરવાની મંજૂરી આપી દેવાઈ છે. જેમાં ફિક્સ્ડ વિંગ, માઈક્રોલાઈટ એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર સામેલ છે.

દિલ્હી-ગાઝિયાબાદ બોર્ડર પર ટ્રાફિક જામ થઈ ગયો છે. જો કે ગાઝિયાબાદ તંત્રએ ત્યાં વધતા કેસને ધ્યાનમાં રાખતા જિલ્લાની સરહદોને કડક રીતે સીલ કરી દીધી છે.

### વિશ્વમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધીને ૫૬૧૧૬૦૧ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૫૬ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૨૩૮૮૧૦૮ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૮૭૫૧૬૩ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૩૪૮૩૩૦ ઉપર પહોંચી રહ્યો છે. મોતનો આંકડો પણ ત્રણ લાખથી ઉપર પહોંચી ચુક્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૩૧૫૯ પર પહોંચી ચુકી છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઈ રહી છે. દુનિયામાં વાયરસનો આતંક યથાવત રીતે જારી રહ્યો છે. કેસોની સંખ્યામાં આવિરતપણે વધારો થઈ રહ્યો છે. વિશ્વમાં સૌથી પ્રભાવિત દેશોમાં અમેરિકાનો સમાવેશ થાય છે. અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે. ત્યારબાદ સ્પેનનો સમાવેશ થાય છે. જ્યારે જાપાન, ચીન સહિતના દેશોમાં સ્થિતીમાં સુધારો થયો છે.

લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો.દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. ભારતમાં પણ કેસોની સંખ્યા અવિરતપણે વધી રહી છે. સુપર પાવર અમેરિકા અને સ્પેન તેમજ ઈટાલી જેવા દેશો કોરોનાની સામે જંગ હારતા દેખાઈ રહ્યા છે. અમેરિકા અને સ્પેન સહિતના દેશોમાં કેસોની સંખ્યા સૌથી વધારે છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. સૌથી વધારે અસરગ્રસ્ત દેશોમાં સ્થિતી સુધરી રહી નથી. કોરોનાથી પ્રભાવિ તમામ દેશોના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિક અર્થતંત્રને પણ નુકસાન થયુ છે. તમામ દેશો પગલા લઈ રહ્યા છે પરંતુ હાલમાં બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે. વિશ્વમાં કોરોનાની સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આના પરથી જ લગાવી શકાય છે કે મોતના આંકડાના મામલામાં અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાંસ, બ્રિટન, બેલ્જિયમ સૌથી આગળ રહ્યા છે.